ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 11th December, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

### નેનો ટેકનોલોજી, ઇકોસીસ્ટમ અને ઇકોસર્વિસીસ તથા બ્રમ્હાંડ વિષયોને

કેન્દ્ર સ્થાને એક-દિવસીય વર્કશોપનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

વર્તમાન સમયમાં માનવી પોતાની જરૂરિયાત અને પ્રગતિ માટે કુદરતી સંસાધનોનો નાશ કરતો જાય છે.જેના દુષ પરિણામ સમગ્ર સજીવસૃષ્ટિ અનુભવી રહી છે. જેથી વિધાર્થીકાળ દરમ્યાન કુદરતી સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અંગેની જાગૃતિ લાવવાના હેતુથી વિજ્ઞાન પ્રસાર દ્વારા વિપનેટ ક્લબની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત સમગ્ર ભારતમાં ૨૦,૦૦૦ થી વધુ વિપનેટ ક્લબ કાર્યરત છે. દરેક કલબની પ્રવૃતિના આધારે વિજ્ઞાન પ્રસાર દ્વારા ક્લબનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મૂલ્યાંકનના આધારે વિજ્ઞાન પ્રસાર નેટવર્ક દ્વારા દરેક ક્લબને પ્લેટીનમ, ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ગુજરાત, હરિયાણા અને ઝારખંડ રાજ્યને પ્લેટીનમ ક્લબ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના વિવિધ વિપનેટ ક્લબમાંથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગરને પ્લેટીનમ ક્લબ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૩૦ મી ડીસેમ્બર,૨૦૧૮ ના રોજ " ટેકનોલોજી અને આપણું ભવિષ્ય" મુખ્ય વિષય અને નેનો ટેકનોલોજી, ઇકોસીસ્ટમ અને ઇકોસર્વિસીસ અને બ્રમ્હાંડ પેટા વિષય પર ધોરણ ૮ થી ૧૨, કોલેજ તથા રસ ધરાવતા વ્યક્તિઓ મળી કુલ ૬૦ લોકો માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવનાર છે.

વર્કશોપની વધુ માહીતી અને ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ ૨૬-૧૨-૨૦૧૮ સુધીમાં પોતાના નામની નોંધણી http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=75 અથવા ફોન 0278-2570111, **WhatsApp: 8866570111** અથવા રૂબરૂ લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં.2206/4A, પંજાબ નેશનલ બેન્ક વાળો ખાચો, સંસ્કાર મંડળ, હિલડ્રાઈવ, ભાવનગર પર ફરજીયાત કરાવી લેવા અનુરોધ.

11-12-18
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar